ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 15, Issue : 249, Dt.7-1-2025 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# દિલ્હી વિધાનસભાની ચૂંટણી ૫ ફેબ્રુઆરીએ યોજાશે

## ૮ ફેબ્રુઆરીએ જાહેર થશે પરિણામઃ એક જ તબક્કામાં ૭૦ બેઠકો પર યોજાશે મતદાનઃ આજથી જ આચારસંહિતા લાગુ

**મુખ્ય સમાચાર - નવી દિલ્હી**

દિલ્હીમાં ૫ ફેબ્રુઆરીએ એક જ તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાશે. પરિણામ ૮મી ફેબ્રુઆરીએ આવશે. ચૂંટણી પંચ દ્વારા આ માહિતી આપવામાં આવી છે. આ પહેલા મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે ચૂંટણી પ્રક્રિયામાં ગેરરીતિના આરોપો પર ૩૦ મિનિટ સુધી તથ્યો સાથે સ્પષ્ટતા આપી હતી. આ પહેલા મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે ચૂંટણી પ્રક્રિયામાં ગેરરીતિના આરોપો પર ૩૦ મિનિટ સુધી તથ્યો સાથે સ્પષ્ટતા આપી હતી. તેમણે કહ્યું કે ચૂંટણીમાં મતદારો વધારવાના અને ચોક્કસ વર્ગને નિશાન બનાવવાના આરોપો ખોટા છે. ચૂંટણી પ્રક્રિયા પૂરી થવામાં સમય લાગે છે. આ બધું એક નિશ્ચિત પ્રોટોકોલ હેઠળ થાય છે. આ વાત સમજાવવા માટે રાજીવ કુમારે પણ બે શાયરી વાંચી હતી. ૨૦૨૪માં સમગ્ર વિશ્વમાં ચૂંટણીઓ યોજાઈ હતી. ૮ રાજ્યોમાં ચૂંટણી અને ૨૦૨૪માં લોકસભાની ચૂંટણી યોજાઈ હતી. અમે વિશ્વમાં સૌથી વધુ મતદાન કરવાનો રેકોર્ડ બનાવ્યો. હિંસા મુક્ત ચૂંટણી અને મહિલાઓની ભાગીદારી માટે રેકોર્ડ બનાવવામાં આવ્યો હતો. અમે વધુ એક સીમાચિહ્ન હાંસલ કરવાના છીએ. અમે ૯૯ કરોડ મતદારોને પાર કરી રહ્યા છીએ. આપણે એક અબજ મતદારો ધરાવતો દેશ બનવા જઈ રહ્યા છીએ. આ એક વર્લ્ડ રેકોર્ડ હશે. વિધાનસભાનો કાર્યકાળ ફેબ્રુઆરીમાં પૂરો થઈ રહ્યો છે. આ સિવાય મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર ૧૮ ફેબ્રુઆરીએ નિવૃત્ત થઈ રહ્યા છે, જેના કારણે ૧૮ ફેબ્રુઆરી પહેલા ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય તેવી શક્યતાઓ છે. ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીની જાહેરાત ૬ જાન્યુઆરીએ કરવામાં આવી હતી. તમામ ૭૦ વિધાનસભા બેઠકો માટે ૮ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ એક જ તબક્કામાં મતદાન થયું હતું અને ૧૧ ફેબ્રુઆરીએ પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. ૨૦૨૦માં આમ આદમી પાર્ટી (અઅઙ)ને ૫૩.૫૭% મતો સાથે ૬૨ બેઠકો મળી, જ્યારે ભાજપને ૮ બેઠકો સહિત ૩૮.૫૧% મત મળ્યા હતા. કોંગ્રેસને ૪.૨૬% મત મળ્યા હતા પરંતુ પાર્ટી પોતાનું ખાતું પણ ખોલવામાં નિષ્ફળ રહી હતી. ૨૦૧૫ની ચૂંટણીમાં પણ કોંગ્રેસને એક પણ બેઠક મળી ન હતી.




# નેપાળ એવરેસ્ટ બેઝ કેમ્પ પાસે ૭.૧ની તિવ્રતાનો ભૂકંપઃ ૫૦ના મોત

ભારતમાં જમ્મુ-કાશ્મીર - ઉતરાખંડ - દિલ્હી - આસામ - ઝારખંડ - બિહાર સિકકીમ સહિતના રાજયોમાં પણ ભૂકંપની અસર

**મુખ્ય સમાચાર - નવી દિલ્હીઃ**

નવી દિલ્હીઃ ભારત-ચીન અને ભૂતાન સહિતના ક્ષેત્રોને આવરી લેતો ભૂકંપનો એક તિવ્ર આંચકો આજે વહેલી સવારે ૬.૩૫ કલાકે નોંધાતા અસરગ્રસ્ત ક્ષેત્રોમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો. આ ભૂકંપનું ભૂમિ બિન્દુ નેપાળ-તિબેટ સરહદ પર નેપાળના એવરેસ્ટ બેઝ કેમ્પ લોબૂચેથી ૯૩ કી.મી. દુર ઉતર પુર્વમાં ચીનના કબજા હેઠળના તિબેટમાં જમીનની અંદર ૧૦ કી.મી.ની ઉંડાઈએ નોંધાયો હતો. ભૂકંપની સૌથી તિવ્ર અસર તિબેટમાં જોવા મળી છે જયાં અનેક વિસ્તારોમાં તબાહીના દ્રશ્યો છે અને ૩૨ લોકો માર્યા ગયા હોવાના અહેવાલ છે જયારે સેંકડો લોકો ઘાયલ



થયા છે. નેપાળમાં પણ ભૂકંપની અસર હતી અને આ દેશમાં પણ વ્યાપક ખાનાખરાબી છે. જો કે હજુ સુધી નેપાળમાં મૃત્યુ અંગે કોઈ માહિતી જાહેર થઈ નથી. અમેરિકી ભૂકંપ માપક કચેરીના રિપોર્ટ ૭.૧ની તિવ્રતાનો ભૂકંપનો આંચકો ૧૩ સેકન્ડ સુધી અનુભવાયો હતો જેમાં પ્રાથમીક રિપોર્ટમાં નેપાળમાં પણ જાનહાનીની આશંકા છે અને અનેક વિસ્તારોમાં મકાનો તથા અન્ય ઈન્ફ્રાસ્ટ્રકચરને નુકશાન થયું છે. ભૂકંપની તિવ્રતા જોતા જાનહાની વધવાનો ભય છે. ભારતમાં પણ આ ભૂકંપનો આંચકો ઉતરમાં બિહારથી દિલ્હી અને પુર્વમાં આસામ સિકકીમ ઉપરાંત ઉતરાખંડ અને જમ્મુ-કાશ્મીર, ઉતરપ્રદેશમાં પાટનગર લખનઉમાં પણ અનુભવાયો છે. વ્હેલી સવારે લોકો શિયાળાની કડકડતી ઠંડીમાં બહાર આવી ગયા હતા. ગોરખપુર, વારાણસી, ભદોઈ, ચંદોલી અને જોનપુરમાં પણ ભૂકંપના આંચકા જોવા મળ્યા હતા તો બિહાર સાથે જોડાયેલા ઝારખંડમાં પણ આ ભૂકંપની અસર હતી. ચીનના તાબાના તિબેટમાં પણ ભૂકંપની અસર હતી. બિહાર નેપાળ સરહદ પર બિહારમાં લોકો ગભરાટમાં ઘરની બહાર નીકળી ગયા હતા. ભૂકંપ નિષ્ણાંતના મંતવ્ય મુજબ દુનિયાના સૌથી ઉંચા હિમક્ષેત્ર એવરેસ્ટના બેઝકેમ્પ અને જમ્મુ-કાશ્મીરથી ઉતરાખંડથી તિબેટ સુધીના હિમાલીયન ક્ષેત્રમાં જે રીતે ભૂકંપની અસર નોંધાઈ તે ચિંતાજનક છે. નેપાળ અગાઉથીજ સિસ્મીકલી એકટીવ ઝોનમાં આવે છે અને તે ભારત અને યુરેશિયન પ્લેટ એક ટેકટોનિક સીમા છે. જેમાં યુરોપ-ચીન અને રશિયા સહિતના દેશો આવે છે તથા તે પૃથ્વીના પેટાળની ત્રીજી સૌથી મોટી પ્લેટ છે અને તે દર વર્ષે ૭થી૧૪ મિલીમીટરની ગતિથી ખસકે છે. ચીનની ભૂકંપ આવક કચેરીએ આ ભૂકંપની તિવ્રતા ૬.૮ની માપી છે અને તે ૧૩૮૦૦ ફુટની ઉંચાઈએ તેનુ એપી સેન્ટર હોવાનું દર્શાવ્યુ છે. આ મોટા આંચકા બાદ ૪.૭ની તિવ્રતાના આફટર શોક ૭.૦૨ કલાકે અલગ એપી સેન્ટર પર નોંધાયો હતો અને બાદમાં ૭.૦૭ કલાકે ૪.૯ની તિવ્રતાનો વધુ એક આંચકો અન્ય એપી સેન્ટરમાંથી નોંધાયો છે. નેપાળમાં ૨૦૧૫માં એપ્રિલ માસમાં આવેલા ભૂકંપે ૯૦૦૦થી વધુ લોકોના જીવન લીધા હતા. જે આ દેશના ઈતિહાસનો સૌથી વિનાશક ભૂકંપ સાબીત થયો છે. ભારતમાં આજના આંચકાથી કોઈ જાનમાલનું નુકસાન નથી.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ઠંડીનું જોર યથાવત

## ભુજ - ડિસા - જામનગર - ગાંધીનગર સહિતનાં સ્થળોએ પણ ૧૧ ડીગ્રી અને બર્ફીલા પવનો સાથે કડકડતી ઠંડીનો અનુભવ

**મુખ્ય સમાચાર - રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાતમાં આજરોજ પણ તિવ્ર ઠંડીનું જોર અને ઠંડા પવનો યથાવત રહ્યા હતા. રાજકોટ અને નલિયામાં આજે પણ સિંગલ ડીઝીટમાં તાપમાન નોંધાયુ હતુ. નલિયામાં ૬.૨ ડીગ્રી અને રાજકોટમાં ૯.૮ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. જયારે અમદાવાદમાં ૧૩.૫, વડોદરામાં ૧૪, ભૂજમાં ૧૧, દમણમાં ૧૫.૨, ડિસામાં ૧૧.૯, દિવમાં ૧૨.૨, દ્વારકામાં ૧૪.૯, ગાંધીનગરમાં ૧૧.૫, કંડલામાં ૧૩.૪, ઓખામાં ૧૮.૬, પોરબંદરમાં ૧૩, સુરતમાં ૧૫.૯ તથા વેરાવળ ખાતે ૧૫.૪ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. જયારે અમરેલી જિલ્લા સહિત રાજયભરમાં ફરી એકવાર ઠંડીનો રાઉન્ડ શરૂ થતાં જન જીવન ઉપર સીધી અસર વર્તાઈ રહી છે, ચાર દિવસ સુધી ઠંડીમાં ઘટાડો નોંધાતા લોકોમાં ભારે રાહત હતી પરંતુ ચાર દિવસના બ્રેક બાદ ફરી ઠંડી શરૂ થતાં માનવ જીવ સાથે પશુઓ પણ ધ્રુજી ઉઠયા છે. આજેઅમરેલીમાં



મહતમ તાપમાન ૨૬.૫, લઘુતમ તાપમાન ૧૨, ભેજનું પ્રમાણ ૫૫ ટકા જયારે પવનની ગતિ ૮.૬ પ્રતિ કલાક નોંધાયેલ છે. જયારે સાવરકુંડલાના આંબરડી ગામે લોકો રાત્રે તાપણાં કરી ઠંડીથી બચી રહ્યા છે. લોકો એ કરેલ તાપણાંમાં મોડી રાત્રે ગાયો અને શ્વાન પરિવાર તાપણાં નજીક બેસી સૂસવાટા મારતાં પવન સાથે કડકડતી ઠંડીથી બચવા જાણે પ્રયાસો કરી રહ્યા હોય તેવું દ્રશ્ય જોવા મળ્યું હતું. લોકો સાથે પશુઓનો પણ આ પ્રકારે ઠંડીથી બચવા તાપણું કરવાનો નિત્યક્રમ બની ગયો છે. તેમજ ગોહિલવાડ પંથકમાં આજે સવારે સુસ્વાટા મારતો તેજ પવન ફુંકાતા ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. ભાવનગર શહેરમાં આજે સવારે ૩૪ કિ.મી ની ઝડપે ઠંડો પવન ફૂંકાતા લોકો ઠંડીમાં ઠુંઠવાયા હતા. આજે સવારે લઘુતમ તાપમાન ૧૩.૮ ડીગ્રી નોંધાયું હતુ જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૬% રહ્યું હતું. સુસ્વાટા મારતા ઠંડા પવનને કારણે લોકોએ કટકડતી ઠંડીનો અનુભવ કર્યો હતો. ઉપરાંત જામનગરમાં છેલ્લા ચોવીસ કલાકમાં લઘુતમ તાપમાનનો પારો ૨ ડિગ્રી નીચે સરકીને ૧૧ ડિગ્રી પહોંચ્યો હતો.જેનાથી પુનઃ કોલ્ડવેવથી જનજીવન ધ્રુજી ઉઠ્યું હતું. સુસવાટા મારતા પવનથી જનજીવન ઉપર સીધી અસર જોવા મળી હતી. મહત્તમ તાપમાનમાં ૧.૬ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. પવનની ગતિમાં ૮.૯ કીમી પ્રતિકલાક રહી હતી. દિવસભર બર્ફીલો પવન ફૂંકાતા વાતાવરણ ઠંડા ઠંડા કૂલ કૂલ રહ્યું હતું. શહેરમાં આજે સવારે કંટ્રોલરૂમમાંથી મળતી માહિતી મુજબ લઘુતમ તાપમાન લઘુતમ તાપમાન ૧૧ ડિગ્રી અને મહતમ તાપમાન ૨૪ ટકા નોંધાયું હતું.તો શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૫૫ ટકા પહોંચી ગયું હતું.તો પવનની ગતિ પ્રતિકલાક ૮.૯ કિમિ રહી હતી.જામનગર શહેરમાં ફરી એક્વાર લઘુતમ તાપમાનનો પારો સિંગલ ડિજિત તરફ સરકતા અને પવન સુસવાટા મારતા ફૂંકાયો હતો. જેના કારણે લોકો ઠડીમાં ઠુઠવાયા

## ICMR આખુ વર્ષ કેસોનું પૃથ્થકરણ કરશે : ચીનની સ્થિતિ પર પણ નજર

# HMPV વિશે કોઈ ગભરાટ નહિં રાખવાની સરકારની સલાહ

**મુખ્ય સમાચાર - નવી દિલ્હી**

ચીનમાં ફેલાયેલા હ્યુમન મેન્ટાન્યુમો વાયરસ (એચએમપીવી)ની ભારતમાં એન્ટ્રી થવા સાથે સંક્રમણ વધવા લાગ્યુ છે. ત્યારે કેન્દ્ર સરકારે વાયરસથી ગભરાવવાની કોઈ જરૂર ન હોવાનું સ્પષ્ટ કર્યું છે.આ વાયરસ નવો નથી. સંક્રમિત બાળકો ઝડપથી સાજા થઈ રહ્યા છે. બેંગ્લોરની ત્રણ માસની બાળકીને તો હોસ્પીટલમાંથી રજા પણ આપી દેવામાં આવી છે. મહત્વની વાત એ ચે કે વાયરસથી સંક્રમિત થયેલા બાળકોએ કોઈ વિદેશ પ્રવાસ પણ કર્યો નથી. એચએમપીવી વાયરસ વિશે વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા ચીનની સ્થિતિ વિશે સમયાંતરે અપડેટ આપવામાં આવી જ રહ્યા છે. કેન્દ્ર સરકારે કહ્યું કે, આઈસીએમઆર આખુ વર્ષ વાયરસના સરકયુલેશનના ટ્રેન્ડ પર નજર રાખશે. ભારતીય આરોગ્ય વિભાગ ઈન્ફલુએન્ઝા તથા શ્વાસના રોગોમાં સંભવીત વધારા સામે એલર્ટ છે અને ગમે તેવી સ્થિતિનો સામનો કરવા માટે તૈયાર છે. સરકારે એવુ પણ જાહેર કર્યુ છે કે આ કોઈ નવી બિમારી નથી.



સંક્રમિતોની સંખ્યામાં કોઈ અસામાન્ય વધારો નથી આ વાયરસથી સંક્રમિત વ્યકિતને શરદી-ઉધરસ અંગે સામાન્ય તાવ જેવા લક્ષણો હોય છે.માત્ર લક્ષણના આધારે તે સંક્રમિત છે કે કેમ તે કહેવુ મુશ્કેલ છે. કારણ કે ફલુ તથા ઈન્ફલુએન્ઝામાં પણ સમાન લક્ષણ હોય છે. આરટીપીસીઆર ટેસ્ટથી વાયરસના આરએનએની ઓળખ થઈ શકે છે. એન્ટીજન ટેસ્ટથી તત્કાળ પરિણામ મળી શકે છે. લક્ષણોનાં આધારે વહેલીતકે સારવાર શકય બનશે. નિષ્ણાંતોના કહેવા પ્રમાણે શિયાળાની સીઝનમાં રેસ્પીરેટરી વાયરસનો ચેપ વધતો હોય છે. રેસ્પીરેટરી વાયરસના જેટલા કેસ આવે છે તે જ પેટર્ન પર હાલ કેસ માલુમ પડી રહ્યા છે. એચએમપીવી વાયરસ પણ એક સામાન્ય રેસ્પીરેટરી વાયરસ જ છે જેના માટે કોઈ ખાસ રસી કે એન્ટીવાયરસ દવા નથી.

# ઈવી ચાર્જીંગ સ્ટેશને બેટરી બદલવા અને ચાર્જીંગ માટે સુરક્ષાના નિયમોનું પાલન કરવું અનિવાર્ય

## કેટલાક કેસમાં પેટ્રોલ પંપમાં ટેન્ક પાસે જ ચાર્જીંગ પોઈન્ટ લાગ્યા છે : તેમાં જો જરાપણ સ્પાર્ક થાય તો મોટી દુર્ઘટના સર્જાય

**મુખ્ય સમાચાર - નવી દિલ્હી**

પેટ્રોલ અને સીએનજી પંપો પર ઈવી ચાર્જીંગ પોઈન્ટ અને બેટરી બદલવાની સુવિધાઓ તૈયાર કરવામાં સુરક્ષા નિયમો છે.આવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવતા પહેલા સુરક્ષા નિયમોનું પાલન કરવુ અનિવાર્ય રહેશે. ભારત સરકારના નિર્દેશ પર પેટ્રોલીયમ અને વિસ્ફોટક સુરક્ષા સંગઠન દ્વારા આ બારામાં વિસ્તૃત દિશા-નિર્દેશ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ચાર્જીંગ અને બેટરી સ્વેપીંગની સુવિધા શરૂ કરતા પહેલા પુરી કરવી પડશે. એટલે આ જરૂરી થઈ ગયુ છે કે અનેક જગ્યાએ સીમિત જગ્યા હોવા છતાં પણ પેટ્રોલ અને



સીએનજી પંપની બિલકુલ નજીક ઈવી ચાર્જીંગ પોઈન્ટ લગાવી દેવાયા છે. કયાંક તો પેટ્રોલ પંપનાં મુખ્ય ટેન્કની પાસે જ ચાર્જીંગ પોઈન્ટ લગાવી દેવાયા છે.મામલા સાથે જોડાયેલા જાણકારોનું કહેવુ છે કે પેટ્રોલ પંપ પાસે લાગેલા પોઈન્ટની વીજળીની લાઈનોમાં ખરાબી આવવા પર કે સ્પાર્કીંગ થવાથી મોટી દુર્ઘટના થઈ શકે છે. જેમાં ભારે સંખ્યામાં જાન-માલને નુકશાન થઈ શકે છે. નવા નિર્દેશો આ અકસ્માતો રોકવામાં કારગડ નિવડશે મુસદા પર કંપની કંપનીઓનાં સુચના માગવામાં આવ્યા છે. જો કોઈ સુચન મળે છે તો તેના પર વિચાર કીને તેને લાગુ કરાશે.

સુરક્ષાનાં મુખ્ય ધોરણોઃ

ઈવી ચાર્જીંગ, બેટરી, સ્વેપીંગ, સુવિધા ખતરનાક ક્ષેત્રમાં જ હોવી જોઈએ પ્રત્યેક સ્ટેશનમાં સમર્પિત વાહન પાર્કીંગ ક્ષેત્ર અને સર્વીસ હોવી જોઈએ પાર્કીંગ પણ ખતરનાક ક્ષેત્રમાં જ હોવુ જોઈએ.

# મહારાષ્ટ્રમાં પાણી મુદ્દે હિંસક અથડામણઃ ચારના મોત

ઘાયલ લોકોને હોસ્પિટલે ખસેડાયાઃ ૧૦ની અટકાયત

**મુખ્ય સમાચાર - ધારાશિવ (મહારાષ્ટ્ર)**

મહારાષ્ટ્રના ધારાશિવ જિલ્લાના વાશી તાલુકાના બાવી ગામમાં ગત રવિવારની રાત્રે પાણીના સપ્લાય મુદ્દે બે જૂથો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. સમગ્ર ઘટનામાં ત્રણ લોકોના મોત નીપજ્યા હતા, જ્યારે ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા. બે જૂથો વચ્ચેની હિંસક અથડામણ મામલે પોલીસે ગુનો નોંધી, ૧૦ લોકોની અટકાયત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી. પોલીસની માહિતી મુજબ, રવિવારે મોડી રાત્રે ચરમાલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા બાવી ગામમાં બે જૂથો વચ્ચે પાણી મામલે વિવાદ સર્જાયો હતો. જેમાં ખેતરમાં આવેલા કુવામાંથી પાણીના સપ્લાયને લઈને મામલો વકર્યો હતો. વિવાદ વધુ ઉગ્ર બનતા બંને જૂથો વચ્ચે મારામારી ઊભી થઈ હતી. બંને



જૂથો વચ્ચે અથડામણ હિંસક બનતા અપ્પા કાલે, સુનીલ કાલે અને વૈજનાથ કાલે નામના ત્રણ શખસોના મોત નીપજ્યા હતા. મળતી માહિતી અનુસાર, બંને જૂથના આ તમામ લોકો દૂરના સગા હતા અને પાણી બાબતે ઘણા સમયથી વિવાદ ચાલતો હતો. ઘટના બાદ ઈજાગ્રસ્ત લોકોને સારવાર અર્થે તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં એકની હાલત નાજુક હોવાનું સામે આવ્યું છે. ઘટના બાદ તરત જ ધારાશિવ પોલીસે ૧૦ લોકોની અટકાયત કરી હતી.

# પાકિસ્તાનમાં સેના પર બલુચીઓનો આત્મઘાતી હુમલોઃ ૪૭ નાં મોત

કરાચીથી તુર્બત જઇ રહેલી પાક. સેનાના ૧૩ વાહનોના કાફલા પર હુમલો કર્યોઃ ૩૦ થી વધુ ઘાયલ

**મુખ્ય સમાચાર - ઈસ્લામાબાદ (પાકિસ્તાન)**

પાકિસ્તાન બલુચિસ્તાન પ્રાંતમાં બલુચ લિબરેશન આર્મી (બીએલઓ) એ ભારે આત્મઘાતી હુમલો કરી કરાચીથી તુર્બત જઈ રહેલા લશ્કરના ૧૩ વાહનોના કાફલામાં રહેલા સૈનિકો પૈકી ૪૭ ના જીવ લીધા છે અને ૩૦ થી વધુને ગંભીર રીતે ઘાયલ કર્યા હતા. છેલ્લા કેટલાએ વર્ષોથી બલુચિસ્તાનમાં આઝાદી આંદોલન જોર પકડી રહ્યું છે. દક્ષિણ પશ્ચિમ બલુચિસ્તાનમાં આવેલા બંદરને વિકસાવવા આવેલા ચીનાઓ ઉપર તો બલુચો ખારે બળે છે. આ અંગે બલુચ લિબરેશન આર્મીએ જણાવ્યું હતું કે, જયાં સુધી આઝાદી નહીં મળે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે. આ



હુમલો કરનાર તુર્બતમાં જ જન્મેલું ફિદાયી અંગત-બહાર અલિ નામનું જૂથ હતું. તે બલુચ લિબરેશન આર્મી સાથે જોડાઈ બલુચિસ્તાનમાં પહાડી વિસ્તારમાં તો તેમની કાર્યવાહી કરે જ છે. પરંતુ હવે તો શહેરી વિસ્તારોમાં પણ તેઓએ મથકો સ્થાપ્યા છે. આ એક ખતરનાક અને ઝનૂની જૂથ છે. હજી સુધી પાકિસ્તાની સેના તેનાં આધુનિક શસ્ત્રો પણ ખતમ કરી શકી નથી. તેનું એક કારણ પ્રજાનું પીઠબળ છે. બીએલએ દ્વારા જાસૂસી તંત્ર પણ ચલાવાય છે. જેને જીરાબ કહે છે. તેણે જ કરાચીથી તે કાફલો ઉપડયો તેવી માહિતી બીએલઓને પહોંચાડી હતી અને ફીદાયીએ કાર્યવાહી કરી હતી.

## મોરબીમાં સરદાર બાગના નવીનીકરણ માટેનું ખાતમુહૂર્ત:તંત્ર સામે આમ આદમી પાર્ટીના વેધક સવાલો

### મોરબી મહાનગરપાલિકાના કામોનું ખાતમુહુર્ત સમયે સુપર સીડ થયેલા નગરપાલિકાના પ્રતિનિધિઓ તથા ભાજપના હોદ્દેદારોને સ્ટેજ આપતા આમ આદમી પાર્ટી દ્વારા તંત્ર પાસે જવાબ માંગવામાં આવ્યો

**મુખ્ય સમાચાર મોરબી**



મોરબી:હમણાં જ અસ્તિત્વમાં આવેલી મોરબી મહાનગરપાલિકા દ્વારા સરદાર બાગના નવીનીકરણના કામોનો ખાતમુહૂર્ત કરવામાં આવ્યો, જે માટે અંદાજે ૧ કરોડના ખર્ચે મોરબી માટે આકર્ષક પર્યટન સ્થળ વિકસાવવાની યોજના છે. આ પગલું મોરબી માટે ગૌરવ લેવાની વાત છે, પરંતુ આ પ્રસંગે સુપર સીડ થયેલા નગરપાલિકાના પ્રતિનિધિઓ અને ભાજપના હોદ્દેદારોને સ્ટેજ આપતા વિવાદ ઊભો થયો છે.

આમ આદમી પાર્ટીના મોરબી જીલ્લા પ્રમુખ મહાદેવભાઈ પટેલે આ ઘટનાને લઇ તંત્રને અનેક સવાલો કર્યા છે. જેમાં તેઓએ પૂછ્યું કે ''ભાજપ કે ભાજપના હોદ્દેદારો દ્વારા આ નવા પ્રોજેક્ટ માટે કોઈ ફંડ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે? જો હા, તો તે પુરાવા પ્રજા સમક્ષ રજૂ કરવા?'' ઉપરાંત, તેઓએ સવાલ કર્યો કે જો ભાજપ દ્વારા ફંડ ન આપવામાં આવ્યું હોય તો તેઓને સ્ટેજ પર કેમ બેસાડવામાં આવ્યા?

આમ આદમી પાર્ટી દ્વારા જણાવ્યું છે કે, જો આ પ્રસંગ એક રાજકીય કાર્યક્રમ હતો, તો સરકારી અધિકારીઓ અને કમીશ્નર ત્યાં કેમ હાજર હતા? વધુમાં ભાજપના આગેવાનોને આમંત્રણ આપવાની સાથે અન્ય પક્ષોના પ્રતિનિધિઓને કેમ આમંત્રણ આપવામાં આવ્યું ન હતું, તે અંગે પણ સમજૂતી માંગવામાં આવી છે. હાલ આ વિવાદને પગલે આ સમગ્ર પ્રસંગને ''ભાજપ પ્રેરિત'' ગણાવ્યો હતો અને આ મુદ્દે મોરબી આમ આદમી પાર્ટી દ્વારા તંત્ર અને કમીશ્નરની નિષ્પક્ષતાની તપાસ કરવાની માંગ ઉઠાવી છે

## વાંકાનેરના વીસીપરા ચોક પાસે જીવલેણ ચાઈનીઝ દોરીના ત્રણ ફિરકા સાથે સ્ટોલ ધારક પકડાયો

**મુખ્ય સમાચાર વાંકાનેર**



વાંકાનેર સીટી પોલીસ મથક ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન વાંકાનેર વીસીપરા ચોક વિસ્તારમાં રોડની સાઈડમાં છૂટક પતંગ-દોરા ગોઠવી વેચાણ કરતા સ્ટોલમાં તપાસ હાથ ધરવામાં આવી હતી, ત્યારે સ્ટોલમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ત્રણ નંગ ફિરકા મળી આવ્યા હતા, જેથી સ્ટોલ ધારક આરોપી મનજીભાઈ પ્રેમજીભાઈ વરાણીયા ઉવ.૩૨ની અટક કરવામાં આવી હતી. વાંકાનેર સીટી પોલીસ ટીમે પકડાયેલ આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મોરબીના મ્યુનિસિપલ કમિશનર સ્વપનીલ ખરેને વિકાસની આશાઓ સાથે પત્ર લખી રજુઆત

**મુખ્ય સમાચાર મોરબી**



મોરબી મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રથમ કમિશનર તરીકે ચાર્જ સંભાળનાર સ્વપનીલ ખરેને ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સના જનરલ સેક્રેટરી કાંતિલાલ બાવરવા દ્વારા વિવિધ શહેરી સમસ્યાઓના નિરાકરણ માટે પત્ર લખી અભિનંદન સાથે સૂચનો અને અપેક્ષાઓ વ્યકત કરી છે.

જે રજુઆતમાં જણાવવામાં આવ્યું છે કે મોરબી મ્યુનીસીપલ કોર્પોરેશનના પહેલા કમીશ્નર તરીકે ચાર્જ સંભાળેલ છે. આ તકે આપને મોરબીની જનતા વતી આવકારીએ છીએ. સાથે ખુબ ખુબ અભીનંદન પાઠવીએ છીએ. આ પહેલા મોરબી નગરપાલિકા દ્વારા મોરબીના લોકોને જે સુવિધાના નામે દુવિધાઓનો સામનો કરવો પડી રહ્યો હતો તેનો આછો ચિતાર તો મળી ગયો જ હશે.? ત્યારે સમગ્ર ભારતમાં સોથી વધુ સિરામિક ટાઈલ્સનું ઉત્પાદન કરી, દેશને વિદેશ હુંડીયામણ કમાવી આપનાર તેમજ માતબર રકમનો ટેક્ષ ભરનાર આ ઉપરાંત અન્ય પ્રાંતમાંથી આવેલ લાખો લોકોને રોજી રોટી પૂરી પાડી રહ્યું છે. પરંતુ મોરબી શહેર જે પહેલા સૌરાષ્ટ્રના પેરીસની ઉપમા ધરાવતું હતું તે આજે ગુજરાત ભરમાં સૌથી વધુ ધૂળિયા શહેર તરીકે પ્રખ્યાત છે. તેવું લોકો કહી રહ્યા છે. તો ભૂગર્ભ ગટર નું તો જાણે અસતીત્વ ના હોય તેવું ઠેર ઠેર ગટરો ઉભરવાનું સામાન્ય બની ગયું છે. પીવાના પાણી, રોડ રસ્તાની સ્થિતિ તથા ડામર રોડ તો ઠીક પરંતુ સિમેન્ટ કોન્ક્રેટ રોડ પણ બે વર્ષ થી વધારે ટકતા નથી. જે પ્રજાની બદનસીબી છે. તો શું આમાંથી પ્રજાને છુટકારો મળશે ?

વધુમાં મોરબીની જનતાને આશા અને અપેક્ષા છે કે મોરબીમાં વ્યવસ્થિત સફાઈ થાય, કાયદાનો કડક રીતે અમલવારી થાય, કર્મચારીઓ સારી રીતે કામ કરે, ભૂગર્ભ ગટર વ્યવસ્થામાં નિયમિત સફાઈ થાય તેમજ સારી રીતે ભૂગર્ભ ગટર ચાલે, રોડ રસ્તાઓ સારા, ટકાઉ બને, તેમાં ભ્રષ્ટાચાર ના થાય, રખડતા ઢોરનો ત્રાસ કાયમી ધોરણે દુર થાય, લોકોને પીવા લાયક પુરતું પાણી નિયમિત મળે, સ્ટ્રીટ લાઈટો નિયમિત થાય. અને સારી રીતે કામ કરે. દરેક વિસ્તારમાં થાય, ટ્રાફિકની સમસ્યાનું કાયમી નિરાકરણ થાય તથા ભ્રષ્ટાચારમુકત વ્યવસ્થા અને સમયસર ફરિયાદનો નિકાલ થાય. પત્રના અંતે મોરબીના આધુનિકીકરણ માટે જરૂરી ગ્રાન્ટ ફાળવવા અને વહીવટમાં મક્કમતા સાથે પારદર્શક કામગીરી માટેની અપેક્ષાની માંગ રાખી રજુઆત કરવામાં આવી છે.

## મોરબી:કલા મહાકુંભમાં સુગમ સંગીત સ્પર્ધામાં પૂર્વ ઉદાસીએ કૌશલ્ય દેખાડ્યું

**મુખ્ય સમાચાર મોરબી**

મોરબીઃ જીલ્લાના કલા મહાકુંભમાં બાળ પ્રતિભાઓએ પોતાનું કૌશલ્ય દેખાડ્યું છે. જેમાં યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ ગાંધીનગર તથા મોરબી જીલ્લાના જીલ્લા યુવા અને સાંસ્કૃતિક વિભાગના સંયુક્ત ઉપક્રમે આયોજિત જીલ્લા કક્ષાના કલા મહાકુંભમાં ૬ થી ૧૪ વર્ષની ઉંમરના વિભાગ માટે યોજાયેલી સુગમ સંગીત સ્પર્ધામાં પૂર્વ પ્રિયંકભાઈ ઉદાસીએ ત્રીજું સ્થાન હાંસલ કરીને મોરબીનું ગૌરવ વધાર્યું છે.

પૂર્વ ઉદાસીની જીલ્લા કક્ષાની આ સિદ્ધિએ પરિવારજનો તેમજ મોરબીનું નામ રોશન કર્યું છે. ત્યારે પૂર્વના ઉત્કૃષ્ટ પ્રદર્શનને લઈને તેના ઉપર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

## મોરબી શહેરમાં વાહન-ચોર બેફામ : રોડ ઉપર પાર્ક કરેલ બોલેરોની ઉઠાંતરી

મોરબી શહેરમાં હાલ વાહન ચોરીની છાસવારે ઘટના બનતી હોય છે, જેમાં મુખ્યત્વે મોટર સાયકલ ચોરીના બનાવોની પોલીસ ફરિયાદ સામે આવતી હોય છે પરંતુ હાલ નવલખી ફાટક પાસે આવેલ ઘુચરની વાડી નજીક રોડ ઉપર પાર્ક કરેલ મહિન્દ્રા બોલેરો પીકઅપ વાહનની કોઈ અજાણ્યા વાહન ચોર ચોરી કરી લઈ ગયાના બનાવ અંગે સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ઉપર સવાલો ઉઠવા પામ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ, મોરબીમાં નવલખી ફાટક નજીક સિલ્વર પાર્ક સોસાયટી પાછળ આવેલ ઘુચરની વાડીમાં રહેતા ગીરીશભાઈ કલાભાઈ ડાભી ઉવ.૪૨ એ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં અજાણ્યા વાહન ચોર આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યા અનુસાર ગીરીશભાઈના નામે બોલેરો પીકઅપ રજી.નં. જીજે-૦૩-એઝેડ-૬૮૬૦ છે, જે ગત તા.૦૩/૦૧ ના રોજ રાત્રે તેમનો ભાઈ યાર્ડમાં શાક બકાલુ ખાલી કરીને આવ્યા ત્યારે તે બોલેરો ગાડી ઘુચરની વાડી નજીક રોડ ઉપર પાર્ક કરી હોય ત્યારે રાત્રીના બાર વાગ્યાની આસપાસ ગીરીશભાઈ પોતાના ઘરની બહાર નીકળ્યા ત્યારે બોલેરો રોડ ઉપર પાર્ક કરેલ જોઈ હતી, બાદમાં બીજા દિવસે સવારના ૦૪/૦૧ના રોજ આઠ વાગ્યે ગીરીશભાઈ પોતાના ઘરની બહાર નીકળ્યા ત્યારે ઉપરોક્ત બોલેરો કાર કોઈ ચોરી કરીને લઈ ગયા હોવાનું સામે આવ્યું હતું, ત્યારે ચોરીના બનાવ અંગે પ્રથમ ઈ-એફઆઈઆર બાદ સીટી એ ડિવિઝનમાં રૂબરૂ ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે હાલ અજાણ્યા વાહન ચોર આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

## હળવદના સુસવાવ ગામ નજીક કારની ઠોકરે બાઈક સવાર બે લોકો ઘાયલ

**મુખ્ય સમાચાર હળવદ**




હળવદના સુસવાવ ગામ નજીક રોડ અકસ્માતના બનાવમાં દેવળીયાથી સુસવાવ મોટર સાયકલમાં પરત આવતા ખેડૂત સહિત બે વ્યક્તિને પુરપાટ આવતી કારે સાઈડમાંથી ટક્કર મારતા મોટર સાયકલ સવાર બંને રોડ ઉપર પડી ગયા હતા, જેના મોટર સાયકલ ચાલક ખેડૂતને પગમાં ફ્રેકચર તથા પાછળ બેઠેલ વ્યક્તિને પગમાં, શરીરે છોલછાલ તથા મૂંઢ ઇજાઓ થઈ હતી. ત્યારે અકસ્માતના બનાવ અંગે મોટર સાયકલ ચાલક દ્વારા હળવદ પોલીસ મથકમાં કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

જાણવા મળતી વિગતો મુજબ ગઈ તા.૨૩ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ હળવદ તાલુકાના સુસવાવ ગામે રહેતા બાબુભાઈ મુળજીભાઈ રાઠોડ ઉવ.૪૬ અને તેમના ખેતરમાં કામ કરતા મોહનભાઈ બાબુભાઈ મકવાણા બંને લોકો બાબુભાઈના યામહા કંપનીના ક્ક્ષ બાઈક રજી.નં. જીજે-૦૧-એફએચ-૪૯૬૭માં સાંજના સુમારે દેવળીયા ખાતેના ખેતરથી તેમના ગામ સુસવાવ આવતા હોય ત્યારે સુસવાવ ગામના પાટીયા પાસે નેક્ષા કંપનીની બલેનો રજી.નં. જીજે-૦૬-પીસી-૪૨૨૬ ના કાર ચાલકે પોતાની કાર પુરપાટ ઝડપથી ચલાવીને આવી બાબુભાઈ મોટર સાયકલને સાઈડમાંથી ટક્કર મારતા બંને લોકો રોડ ઉપર પડી જતા બંને ઈજાગ્રસ્ત થયા હતા. ત્યારે અકસ્માતની ઘટના બાદ આજુબાજુથી એકઠા થયેલા લોકોએ ૧૦૮ મારફત બંને શખ્સોને હળવદની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા જ્યાં બાબુભાઈને પગમાં ફ્રેકચર તથા મોહનભાઈને પગમાં છોલછાલ તેમજ મૂંઢ ઇજાઓની સારવાર આપવામાં આવી હોય ત્યારે સમગ્ર અકસ્માતના બનાવ મામલે મોટર સાયકલ ચાલક બાબુભાઇ દ્વારા બલેનો કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા હળવદ પોલીસે આરોપી કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ ચલાવી છે

## વાંકાનેરના વિરપર ગામે ખરાબામાં ધમધમતી દેશીદારૂની ભઠ્ઠી ઝડપાઇ

### પોલીસે ગરમ-ઠંડો આથો તથા દેશી દારૂ, અન્ય સાધન સામગ્રી સહિત ૨૭,૮૦૦/-નો મુદ્દામાલ જપ્ત કર્યો



**મુખ્ય સમાચાર વાંકાનેર**

વાંકાનેર તાલુકા પોલીસે વિરપર ગામની સીમમાં રેઈડ કરી ખરાબાની જમીનમાં દેશી દારૂ ગાળવાની ચાલુ ભઠ્ઠી ઝડપી લેવામાં આવી છે, ત્યારે પોલીસે સ્થળ ઉપરથી ગરમ આથો ૫૦ લીટર કિ.રૂ.૧૨૫૦, ઠંડોઆથો ૬૦૦લીટર કિ.રૂ.૧૫,૦૦૦ તથા ગરમ દેશી દારૂ લીટર ૧૦ કી.રૂ.૨૦૦૦ તથા ઠંડો દેશી દારૂ લીટર ૪૦ કી.રૂ.૮૦૦૦ તથા ભઠ્ઠીના સાધનો કી.રૂ.૧૫૫૦ એમ મળી કુલ કીં.રૂ.૨૭,૮૦૦/-નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો છે. દરોડા દરમિયાન આરોપી વિપુલભાઈ રાઘવભાઈ ડાભી રહે. માટેલ તા.વાંકાનેરવાળો હાજર નહીં મળી આવતા તેને ફરાર દર્શાવી તેની વિરુદ્ધ ગુનો નોંધી તેને પકડી એવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## મોરબીમાં ખાતમુહૂર્ત પ્રસંગે માત્ર ભાજપને પ્રાથમિકતા, લોકશાહીમાં કીન્નાખોરી : શહેર કોંગ્રેસ પ્રમુખનો આક્ષેપ

**મુખ્ય સમાચાર મોરબી**

મોરબી મહાનગર પાલિકા દ્વારા સરદારબાગના નવીનીકરણ માટેના ખાતમુહૂર્ત પ્રસંગે માત્ર ભાજપના આગેવાનોને આમંત્રણ આપી તે પક્ષને પ્રાથમિકતા આપી જ્યારે અન્ય રાજકીય પક્ષોને પ્રાધાન્ય ન આપેલ જે લોકશાહીમાં રખાયેલ કિન્નખોરી છે જેવા આક્ષેપો સાથે મોરબી શહેર કોંગ્રેસ પ્રમુખ પુષ્પરાજસિંહ દ્વારા પ્રેસ-યાદી આપવામાં આવી છે.

મોરબી શહેર કોંગ્રેસ પ્રમુખ દ્વારા યાદીમાં જણાવ્યા અનુસાર મોરબી શહેરમાં ઝુલતાં પુલની ઘટના બની તેના કારણે મોરબી નગરપાલિકા સુપરસિડ કરવામાં આવી છે જ્યારથી પાલિકા સુપરસિડ કરવામાં આવી ત્યારથી ચૂંટાયેલ બોડી અસ્તિત્વમાં નથી અને વહીવટદાર મારફત નગરપાલિકાનું સંચાલન કરવા માં આવતું હતુ પરંતુ તાજેતરમાં મોરબીને મહાનગરપાલિકાનો દરરજો આપવામાં આવ્યો અને સરકાર દ્વારા મહાનગરપાલિકાનું સંચાલન કરવા માટે કમિશ્નરની નિમણૂક આપવામાં આવી અને ચાર્જ પણ લઈ લીધો અને મોરબી મહાનગરપાલિકાના આવતા વિસ્તારમાં રુબરુ મુલાકાત લઈ જે કામગીરી કરી રહ્યા છે ખુબ અભિનંદનને પાત્ર છે.

ત્યારે તાજેતરમાં સરદારબાગ શનાળા રોડ વિસ્તારમાં બાગ બગીચાના રીનોવેશનના કામ માટે ખાતમુહૂર્ત કરવામાં આવેલું જેમાં ભારતીય જનતા પક્ષના સંગઠનના લોકોને હાજર રાખી ખાત મુર્હૂત કરવામાં આવેલ તે લોકશાહીમાં રખાયેલી કીન્નાખોરી છે મોરબી શહેર જીલ્લામાં મહાનગરપાલિકા વિસ્તારમાં અન્ય રાજકીય પક્ષો પણ અસ્તિત્વ ધરાવે છે ત્યારે તેઓને પણ કમિશ્નર તરફથી આમંત્રણ આપવામાં આવેલ નથી. તો શું સરકારના પ્રતિનિધિઓ પણ ભાજપ પક્ષને જ પ્રતિનિધિત્વ આપવા માંગે છે? જ્યાં સુધી કોઈ ચૂંટાયેલા પ્રતિનિધિઓ ના હોય અને મહાનગરપાલિકાનું અધિકારી મારફત સંચાલન થતું હોય ત્યારે કોઈ એક જ પક્ષને પ્રાથમિકતા આપવાના બદલે અન્ય રાજકીય પક્ષોને પણ પ્રાથમિકતા આપવી જરૂરી છે અન્ય રાજકીય પક્ષો પણ પ્રજાના પ્રશ્નોને લઈ જાગૃત જ છે તો આ બાબતે કમિશ્નરદ્વારા ભવિષ્યમાં પણ કોઈ એક પક્ષને પ્રાધાન્ય આપવાને બદલે બધા રાજકીય પક્ષોને પ્રાધાન્ય આપે તેવો આશાવાદ રાખ્યો છે, તેમ પુષ્પરાજસિંહ દ્વારા યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## મોરબી : પ્રગતિ એન્જીનીયરીંગની ઓરડીમાં વિદેશી દારૂ-બિયરના જથ્થા સાથે યુવકને દબોચી લેતી ક્રાઇમ બ્રાંચ



**મુખ્ય સમાચાર મોરબી**

મોરબી ક્રાઇમ બ્રાંચ ટીમ દ્વારા પૂર્વ બાતમીને આધારે લખધીરપુર રોડ ઉપર આવેલ પ્રગતિ એન્જીનીયરીંગની ઓરડીમાં વિદેશી દારૂ-બિયરનો જથ્થો રાખી વેચાણ કરતા મૂળ ગીર સોમનાથ જીલ્લાના પંડવા ગામના એક યુવકને દબોચી લેવામાં આવ્યો છે, ક્રાઇમ બ્રાંચ પોલીસે સ્થળ ઉપરથી વિદેશી દારૂની ૮ બોટલ તથા બિયરના ૭૮ નંગ ટીન કબ્જે લઈને પકડાયેલ આરોપી વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

મોરબી ક્રાઇમ બ્રાંચ પોલીસ ટીમને બાતમી મળી કે લખધીરપુર રોડ ઉપર ઘનશ્યામ ચેમ્બરમાં પ્રગતિ એન્જીનીયરીંગમાં આવેલ પોતાની ભોગવટા વાળી ઓરડીમાં આરોપી દ્રવિડગીરી ઉર્ફે રવિ મેઘનાથી વિદેશી દારૂ-બિયરનો જથ્થો રાખી તેનું વેચાણ કરતો હોય જે બાતમીને આધારે તુરંત પ્રગતિ એન્જીનીયરીંગ ખાતે રેઇડ કરતા આરોપીની ઓરડીમાંથી વિદેશી દારૂ બ્લેન્ડર પ્રાઇડ વ્હિસ્કીની ૮ બોટલ તથા અલગ અલગ કંપનીના ૭૮ નંગ બિયરના ટીન મળી કુલ કિ.રૂ.૧૯,૦૯૮/-નો મુદ્દામાલ મળી આવ્યો હતો, જેથી આરોપી દ્રવિડગીરી ઉર્ફે રવિ રાજેશગીરી મેઘનાથી ઉવ.૨૨ હાલરહે.મોરબી લખધીરપુર રોડ ઘનશ્યામ ચેમ્બર્સ પ્રગતિ એન્જીનીયરીંગની ઓરડીમાં મુળરહે.પંડવા તા.વેરાવળ જી.ગીર સોમનાથવાળાની ધરપકડ કરવામાં આવી હતી. આ સાથે ક્રાઇમ બ્રાંચ પોલીસે આરોપીની અટક કરી આગળની તજવીજ હાથ ધરી છે.

## હળવદમા બહેન સાથેના પ્રેમ સબંધનો ખાર રાખી ચાર શખ્સોએ યુવકના પગ ભાંગી નાખ્યા

**મુખ્ય સમાચાર હળવદ**



હળવદમાં બે વર્ષ પહેલાં યુવકને એક યુવતી સાથે પ્રેમ સંબંધ હોય જે બાબતે યુવતીના ભાઈઓ સાથે બોલાચાલી બાદ સમાધાન થયું હોય જે બાબતનું મનદુઃખ રાખી હાલ તે યુવક ઉપર યુવતીના ભાઈઓ દ્વારા લોખંડના લાઈપ અને લાકડાના ધોકાઓ સાથે હુમલો કરી યુવકના બંને પગમાં ફ્રેકચર જેવી ઇજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી ચારેય ઈસમો સ્થળ ઉપરથી ચાલ્યા ગયા હતા, હાલ ઈજાગ્રસ્ત યુવકની ફરિયાદના આધારે હળવદ પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, હળવડમાં સરા રોડ ઉપર આંબેડકર નગર-૧ માં રહેતા અમિતભાઇ વજુભાઇ રાઠોડ ઉવ.૩૦ એ હળવદ પોલીસ સમક્ષ આરોપી મહેશભાઈ હરીદાસભાઈ પરમાર, ભાવેશભાઈ હરીદાસભાઈ પરમાર, મયુર ઉર્ફે મયલો રમેશભાઈ પરમાર તથા જયેશભાઇ મોહનભાઇ શેખાવા બધા રહે.હળવદ બસ સ્ટેન્ડ પાછળવાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગઈકાલ તા.૦૬/૦૧ના રોજ અમિતભાઇ પોતાના ઘર પાસે ઈકો કાર પાર્ક કરતા હોય ત્યારે ઉપરોક્ત ચારેય આરોપીઓ એક મોટર સાયકલ તથા એક મોપેડ લઈને ત્યાં આવ્યા અને ચારેય આરોપીઓએ બે વર્ષ અગાઉ તેમની બહેન સાથેના પ્રેમ સંબંધ બાબતે સમાધાન થઈ ગયું હોય જે બાબતનો ખાર રાખી અમિતભાઈને લોખંડના લાઈલ અને લાકડાના ધોકા વડે બેફામ માર મારવામાં આવ્યો હોય ત્યારે દેકારો થતા આજુબાજુથી લોકો આવી જતા ચારેય આરોપીઓ જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાંથી ચાલ્યા ગયા હતા, ત્યારે અમિતભાઈને હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જતા જ્યાં તેમના બંને પગમાં ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચ્યા અંગે હાજર ડોક્ટરે સારવાર ચાલુ કરી હતી જે ફરિયાદને આધારે પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો દાખલ કરી તેની અટકાયત કરવા તજવીજ હાથ ધરી છે.

## મોરબીના લૂંટાવદર ગામ નજીક હિટ એન્ડ રનની ઘટનામાં બોલેરો હડફેટે સીએનજી રીક્ષા ચાલકનું મોત

**મુખ્ય સમાચાર મોરબી**



મોરબીમાં વધુ એક હિટ એન્ડ રનની ઘટનાના અકસ્માત સર્જી પિતાનું વાહન લઈને નાસી ગયેલ બોલેરો ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે, જેમાં મોરબી તાલુકાના લૂંટાવદર ગામ નજીક પુરપાટ ગતિએ અને ગફલતભરી રીતે બોલેરો ગાડી લઈને નીકળી સામેથી આવતી સીએનજી રીક્ષાને જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો, જેમાં રીક્ષા ચાલકને બંને પગમાં, માથામાં ગંભીર ઇજાઓ પહોંચતા રીક્ષા ચાલક યુવકનું મૃત્યુ નીપજ્યું હતું, ત્યારે બનાવ અંગે મૃતકના કાકા દ્વારા બોલેરો ચાલક આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી અનુસાર મોરબી તાલુકાના લૂંટાવદર ગામે રહેતા રફીકભાઇ આમદભાઇ ચાનીયા ઉવ.૪૪ એ મહિન્દ્રા કંપનીની સફેદ કલરની બોલેરો ગાડી જેના રજી.નં. જીજે-૩૬-વી-૦૧૭૧ ના ચાલક વિરુદ્ધ મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે ગઈ તા.૦૪/૦૧ના રોજ સવારના ૯ વાગ્યાની આસપાસ આરોપીએ પોતાના હવાલાવાળી મહિન્દ્રા કંપનીની સફેદ કલરની બોલેરો ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે ચલાવી સામેથી આવતા સી.એન.જી.રીક્ષા રજી નં.જીજે૩૬-ડબલ્યુ-૨૫૬૮વાળીને હડફેટે લેતા સોહિલભાઇ સલીમભાઇ ચાનીયા ઉવ.૩૭ રહે. લુંટાવદર વાળાને બંને પગમાં તેમજ માથાના ભાગે તથા શરીરે ગંભીર ઇજા પહોંચતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માત સર્જી બોલેરો ચાલક પોતાનું વાહન સ્થળ ઉપરથી લઈને નાસી ગયો હતો. હાલ તાલુકા પોલીસે બોલેરો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેને લાકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે

## હળવદ સોની સમાજ દ્વારા આયોજિત રક્તદાન કેમ્પ માં ૧૧૧ બ્લડ ની બોટલ એકત્ર થઇ

**મુખ્ય સમાચાર હળવદ**



આજરોજ હળવદ મધ્યે આવેલ શ્રી વાઘેશ્વરી માતાજી ના મંદિર ખાતે શ્રી હળવદ સોની સમાજ દ્વારા સ્વૈચ્છિક રકતદાન શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું આ રક્તદાન કેમ્પ માં ૧૧૧ બ્લડ ની બોટલ એકત્ર કરવામાં આવી હતી આ કેમ્પ માં સર્વ જ્ઞાતિ ના રક્તદાતાઓ એ ઉદાર હૃદયે રક્તદાન કર્યું હતું રક્તદાન કરનાર રક્તદાતાઓ ને આકર્ષક ગિફ્ટ આપી સન્માન પત્ર એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું સાથે ચા - કોફી - નાસ્તા અને અમૂલ ફ્લેવર દૂધ ની બોટલ ની પણ વ્યવસ્થા આયોજકો તરફથી ઉત્સાહભેર કરવામાં આવી હતી અને આ કેમ્પ માં એકત્રિત થયેલ બ્લડ ની બોટલ મોરબી ખાતે સંસ્કાર બ્લડ બેંક માં થેલેસેમીયા ગ્રસ્ત બાળકો માટે અને લોહી ની જરૂરિયાત છે તેવા દર્દી નારાયણ માટે ઉપયોગ માં લેવામાં આવશે...

આ કાર્યક્રમ માં શ્રી લક્ષ્મીનારાયણ મંદિર ના મહંત પૂજ્ય દીપકદાસજી મહારાજ , તાલુકા સંઘચાલક દિલીપભાઈ સોની , બિપીનભાઈ દવે , ગોવિંદભાઈ ભરવાડ , રમેશભાઈ પટેલ તથા વેપારી મહામંડળ પ્રમુખ વિનુભાઈ પટેલ તથા ચેમ્બર ઓફ કોમર્સ ના પ્રમુખ ઘનશ્યામભાઈ દવે, રોટરી ક્લબ ના પ્રમુખ રોહિતભાઈ ઠક્કર સહિત સામાજિક અને રાજકીય આગેવાનો હાજર રહ્યા હતા આ કેમ્પ માં નવનિયુક્ત શહેર ભાજપ પ્રમુખ તપનભાઈ દવે નું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું

આ કાર્યક્રમ ને સફળ બનાવવા હળવદ સોની સમાજ ના સેવાભાવી યુવાનો અને વડીલો એ ભારે જહેમત ઉઠાવી હતી

## માળીયા(મી)મા ચરાવવા માટે આપેલ ૫૦ ગાય પૈકી ૧૪ પરત નહિ આપતા પિતા-પુત્ર સામે ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર માળિયા મિયાણા**




માળીયા(મી)ના ખારેચીયા ગામના બે પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલ લોકોએ પોતાની માલિકીના ૨૦ અને ૩૦ પશુઓ ચીખલી ગામના પિતા-પુત્રને રખેવાળ તરીકે ગાયો ચરાવવા આપી હોય જે નાના-મોટી ૫૦ ગાયો પૈકી ૧૪ જીવ પરત નહીં આપતા ગાય-માલીકો દ્વારા બંને આરોપી પિતા-પુત્ર સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે મળતી માહિતી અનુસાર માળીયા(મી)ના ખારેચીયા ગામે રહેતા જલાભાઇ ઉર્ફે જીલાભાઇ ભાલુભાઇ શીયાર ઉવ. ૪૫ એ માળીયા(મી) પોલીસ મથકમાં આરોપી મુસ્તાકભાઇ આમીનભાઇ લધાણી તથા આમીનભાઇ કરીમભાઇ લધાણી રહે.બન્ને ચીખલી તા.માળીયા મી તથા તપાસમાં ખુલે તે તમામ આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે ફરીયાદી જલાભાઈ ઉર્ફે જીલાભાઈએ તેમની માલીકીની ગાયો જીવ-૨૦ તથા સાહેદ બળદેવભાઇ મેવાડાએ તેમની માલીકીની ગાયો જીવ-૩૦ ની આરોપીઓને પૈસા આપી રખેવાળ તરીકે ચરાવવા આપેલ હોય જે પૈકી ફરીયાદીની ગાયો જીવ-૩ કિંમત રૂ.૩૦૦૦૦/- તથા સાહેદ બળદેવભાઇ ની ગાયો જીવ-૧૧ નાની મોટી કિમત રૂ.૫૫૦૦૦/- મળી કુલ રૂ.૮૫૦૦૦/- ની મુદામાલની ગાયો જીવ- નંગ-૧૪ પરત નહી આપી બન્ને આરોપીઓએ-એજન્ટ/નોકર તરીકે ફરીયાદી તથા સાહેદ સાથે વિશ્વાસભંગ કરી ગુનામા એકબીજાને મદદગારી કરી ગુનો કર્યા બાબતની ફરિયાદ નોંધાવી હતી. હાલ પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## કારમાં નુકસાનીના ખર્ચના બાકી નાણાં ચૂકવવા ગ્રાહક અદાલતે વીમા કંપનીને કર્યો આદેશ



**મુખ્ય સમાચાર મોરબી**

અકસ્માતમાં થયેલ નુક્સાનીના ખર્ચના ૧.૧૦લાખના બદલામાં ૭૬ હજાર ચૂકવેલ ત્યારે બાકી રહેતા ૩૪ હજારની ચુકવણી ૯ ટકા વ્યાજ તથા ૫ હજાર માનસિક ત્રાસના ચુકવવા મોરબી ગ્રાહક અદાલતે વીમા કંપનીને આદેશ કર્યો.

કેઈસની ટુક વિગત મુજબ મોરબીના વતની જશવંતભાઈ ચોપશીભાઈ જોબનપુત્રાએ પોતાના વ્હીકલનો વીમો નેશનલ ઈન્સ્યોરન્સ કંપનીનો ઉતરાવેલ હતો, ત્યારે જશવંતભાઇનું વાહન તેનો પુત્ર તથા તેમના પત્ની તા. ૧૧ જૂન '૨૩ ના રોજ સાંજે જતા હતા ત્યાં રસ્તામાં ક્રુજ ગાડી સાથે અથડાતા ગાડીને રૂ. ૧,૧૦,૦૦૩/- નું નુકશાન થયેલ હતું. જેથી તમામ કાગળો અને બીલ વીમા કંપનીને સમય મર્યાદામાં મોકલી આપેલ પરંતુ વીમા કંપનીએ રૂ. ૭૬૦૦૦/- ચુકવ્યા બાકીની રકમ રૂ. ૩૪,૦૦૩/ ચુકવવાની ના પાડતાં તેઓ મોરબી શહેર/જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઈ મહેતા દ્વારા ગ્રાહક અદાલતમાં કેઈસ દાખલ કરતા ગ્રાહક અદાલતે ગ્રાહક તરફે ચુકાદો આપતા રૂ. ૩૪,૦૦૩/- ૯ ટકાના વ્યાજ સાથે તા.૨૪ મે ૨૦૨૪ થી રૂ. ૫૦૦૦/- અન્ય ખર્ચ સાથે ચુકવવાનો આદેશ કરેલ છે વધુમાં ગ્રાહકે પોતાના હક માટે લડત કરવી જોઈએ કોઈપણને અન્યાય થાય તો મોરબી ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઈ મહેતા-મો. : ૯૮૨૫૭ ૯૦૪૧૨, ઉપપ્રમુખ બળવંતભાઈ ભટ્ટ-મો. : ૯૩૭૭૪ ૯૯૧૮૫ તથા મંત્રી : રામ મહેતા-મો. : ૯૯૦૪૭ ૯૮૦૪૮નો સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે.

# કટારીયા ચોકડીએ ૧૬૭ કરોડના ખર્ચે બનશે ગુજરાતનો પ્રથમ આઈકોનિક બ્રિજ

## કેકેવી ચોક બ્રિજ નીચે સ્કેટિંગ, ઈન્ડોર ગેમ્સ, બોક્સ ક્રિકેટ અને પિંકલ બોલ રમી શકાશેઃ રાજકોટ મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં અધધ... ૨૧૬ કરોડના વિકાસ કામોને લીલીઝંડી

**મુખ્ય સમાચાર - રાજકોટ**

કાલાવડ રોડ પર કટારીયા ચોકડીએ આધુનિક ફલાય ઓવર કેબલ બ્રીજ અને રીંગ રોડના રસ્તે અંડરબ્રીજ બનાવવાની દરખાસ્ત આજની સ્ટે.કમીટીની મીટીંગમાં મુકાઈ હતીઃ જે માટે રૂપિયા ૧૬૭ કરોડના ખર્ચ માનુર કર્યો છે. આજે સવારે ૧૧ કલાકે સ્થાયી સમિતિની મીટીંગ બોલાવવા આજે ચેરમેન જયમીન ઠાકરે એજન્ડા બહાર પડ્યો હતો જેમાં કુલ ૬૭ દરખાસ્તો પર નિર્ણય કરવામાં આવ્યો હતો. ખાસ કરીને કાલાવડ રોડ પર મેટોડા અને છેક ખીરસરા જીઆઈડીસી સુધી ભવિષ્યમાં ટ્રાફિકની જરૂરીયાત જોતાઓવરબ્રીજ અને અંડરબ્રીજ બંનેના આયોજન કરવામાં આવ્યા છે. આજે મળેલી બેઠક માં અધધ રૂપિયા ૨૧૬ કરોડના વિકાસ કામોને લીલી જંડી આપવામાં આવી હતી.

''કાલાવડ રોડ પર હવે ટ્રાફિક પરિવહન માટે ભારણ હેઠળ આવતા જતા કટારીયા ચોક પર બ્રીજની તાતી જરૂરીયાત પૂરી કરવા આ ચોકમાં રાજકોટના સૌપ્રથમ એકસ્ટ્રા ડોઝ કેબલ બ્રીજનું ટેન્ડર બહાર પડયું હતું. તેના ભાવ ખુલી જતા ૧૨૪.૦૭ કરોડના ટેન્ડર સામે ૧૪.૨૪ ટકા ઓન એટલે કે ૧૪૧.૭૩ કરોડના ભાવની એલ-૧ ઓફર સાથેની દરખાસ્ત કમિશ્નરે મોકલી હતી. ૧૮ ટકા જીએસટી સાથે ૨૫.૫૧ કરોડનો ટેકસ ગણી કુલ ખર્ચે ૧૬૭.૨૪ કરોડનો ખર્ચ થશે. મુળ અંદાજ કરતા વધુ આવેલી ઓન જોતા ૧૭.૭૩ કરોડનો ખર્ચ ઓનમાં થવાનો છે. ગુજરાતનો આ સૌથી પહેલો આઈકોનિક બ્રિજ બનશે.



રાજકોટના કાલાવડ રોડ પર કેકેવી ચોકમાં શહેરનો પ્રથમ મલ્ટી લેવલ ફલાય ઓવર બનતા બ્રીજ પર બ્રીજના નિર્માણથી કાલાવડ રોડની ટ્રાફિક સમસ્યા થોડે અંશે હળવી થઈ છે. હવે રાજય સરકારે અમદાવાદ અને વડોદરા જેવા શહેરોમાં જે રીતે બ્રીજ નીચે રમત-ગમત પ્રવૃતિની સુવિધા ઉભી કરવા ડિઝાઈન બનાવેલી છે તે જ પ્રકારે આ બ્રીજ હેઠળ પરીમલ સ્કુલ સામેના ભાગે ઈન્ડોર ગેમ્સ, બોકસ ક્રિકેટ, પીકલ બોલ, સ્કેટીંગ રીંગ બનાવવાનું આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે.

આ જ જગ્યા પાસે બોકસ ક્રિકેટ બનાવવાનું પણ આયોજન કરીને ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. ૧૩.૫૨૨ મીટરના બોકસ બનાવવા માટે ૭.૩૫ ટકા ભાવ નીચા આવતા ૫૦.૮૨ લાખના ખર્ચે આ લોકપ્રિય ગેમની સુવિધા બનાવાશે. તો આ સાથે પીકલ બોલ સુવિધા માટે ૧૩.૫—૨૨ના વિસ્તાર માટે પણ ચારે તરફ ૧૮ ફુટની સેફટી ગ્રીલ અને ૧૧૪ ચો.મીટરનો પાથ-વે બનાવવામાં આવશે. પીકલ બોલના કામ માટે ૭.૧૭ ટકા વધુ ભાવ આવતા ૫૮.૭૯ લાખમાં આ કામ થશે.



જયારે સ્કેટીંગની સુવિધા માટે ૧૮—૧૦.૫૦ની જગ્યામાં ગ્રીલ સાથે ૧૧૪ ચો.મી.માં પેવીંગ બ્લોક સહિતનું કામ કરવામાં આવશે. આ માટે ટેન્ડર પ્રક્રિયા કરાતા ૧૦.૮૯ ટકા ઓછા ભાવ સાથે ૪૨.૪૭ લાખમાં આ સ્કેટીંગની સુવિધા પણ બનાવવામાં આવશે. હાલ પ્રાથમિક ડિઝાઈન ફાઈનલ થઈ છે. આ કામનું નિર્માણ થાય એટલે જગ્યાને અનુરૂપ તમામ સુવિધા વિકસાવવામાં આવશે તેમ ચેરમેને કહ્યું હતું. રાજકોટમાં પ્રથમ વખત કોઈ ફલાયઓવર નીચે રમત-ગમત પ્રવૃત્તિની સુવિધા ઉભી કરવાનો પ્રયોગ કરવામાં આવી રહ્યો છે તે ઉલ્લેખનીય છે.

આજની બેઠકમાં સ્ટેન્ડિંગ કમિટીના સભ્યો તથા મનપાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૨૨ જાન્યુઆરીએ વીરદાદા જશરાજજીની પુણ્યતિથિ નિમિત્તે રેસકોર્સ ખાતે મહાપ્રસાદનું આયોજન

## રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટના મધ્યસ્થ કાર્યાલયનો પ્રારંભ

**મુખ્ય સમાચાર - રાજકોટ**

ગૌરક્ષક-ધર્મરક્ષક વીરદાદા જશરાજ શૌર્ય દિનની ઉજવણી રઘુવંશી જ્ઞાતિઓ દર વર્ષે ઉજવે છે ત્યારે આગામી તારીખ ૨૨ જાન્યુઆરી ૨૦૨૫ને બુધવારના રોજ પરમ પૂજ્ય વીર દાદા જસરાજજી ૯૬૭મી પુણ્યતિથિ નિમિત્તે રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા વીરદાદા જશરાજ નગર રેસકોર્સ મેદાન ખાતે જ્ઞાતિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે સમાજના તમામ વર્ગના લોકો, સંસ્થા, મંડળોને એક તાંતણે બાંધી, અલગ અલગ સમિતિની રચના કરવામાં આવી છે. જ્ઞાતિજનોની કાર્યક્ષમતા પ્રમાણે કાર્યની વહેંચણી થઈ શકે તેમજ સમાજના વડીલો,તેમજ આગેવાનોના માર્ગદર્શન મળી રહે અને સમગ્ર સમાજ એક પંગતમાં મહાપ્રસાદનો લાભ લઈ શકે તે માટે રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા તા. ૫ જાન્યુઆરીને રવિવારના રોજ પરમ પૂજ્ય મહંત જયરામદાસજી મહારાજના વરદ હસ્તે જાગનાથ મંદિર ચોક, યાજ્ઞિક રોડ ખાતે કાર્યાલયનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જયરામદાસજી




મહારાજે રઘુવંશી સમાજને એમના પ્રવચનમાં કહ્યું કે, રઘુવંશી સમાજને એક થવાનોનો સમય આવી ગયો છે સમાજનો કોઈ માણસ કોઈ પણ રીતે દુઃખી હોય ત્યારે તેની પડખે હજાર માણસ હોવા જોઈએ અને કોઈ માણસ ખાલી પૈસા દઈને કે મહેનત કરીને છૂટી નથી જતો સમાજ પ્રત્યે તેને સમાજના દરેક વ્યક્તિ પ્રત્યે તેની બાજુમાં ઊભું રહેવું જરૂરી છે અને સમાજના દરેકની પહેલી ફરજ છે.

રઘુવંશી પરિવાર મહિલા સમિતિ દ્વારા વિવિધ કાર્યક્રમોનો પણ આયોજન કરવામાં આવેલ છે તેમજ તા. ૧૧ને શનિવારે હનુમાન ચાલીસાના પાઠનું પણ આયોજન કરવામાં આવેલ છે જેમાં મોટી સંખ્યામાં રઘુવંશીઓ ઉપસ્થિત રહે તેવી અપીલ કરવામાં આવી છે. રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટના મધ્યસ્થ કાર્યાલયના પ્રારંભ પ્રસંગે વાંકાનેરના ધારાસભ્ય જીતુભાઈ સોમાણી રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા, શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પુજારા, હસુભાઈ ભગદેવ, દિનેશભાઈ કારીયા પૂર્વ કોર્પોરેટર ધર્મેન્દ્રભાઈ મીરાણી, હરીશભાઈ લાખાણી, કિશોરભાઈ કોટક અજયભાઈ કારીયા, કાળુ મામા, મનુભાઈ જોબનપુત્રા શાંતુભાઈ રૂપારેલીયા હસુભાઈ ચંદારાણા, અશ્વિનભાઈ બગડાઈ, હરેશભાઈ દાસાણી, બીપીનભાઈ કેસરીયા, ઘનશ્યામભાઈ ઠક્કર, બાલાભાઈ કક્કડ, કિરીટભાઈ પાંધી, ભરતભાઈ રૂપારેલીયા, ચંદુભાઈ રાચ્છ, દિલીપભાઈ પુજારા, બાલાભાઈ પોપટ, હિરેનભાઈ ખખ્ખર, ચંદુભાઈ રાયચુરા, કિર્તીભાઈ ગોટેચા, કોર્પોરેટર દક્ષાબેન વસાણી, કોર્પોરેટર વર્ષાબેન પાંધી, શિલ્પાબેન પુજારા તેમજ બહોળી સંખ્યામાં બહેનો હાજર રહી તન મન ધનથી સહકાર આપવા સંકલ્પ કર્યો હતો. જ્યારે સૌ પ્રથમ પરમ પૂજ્ય મહંત જયરામદાસજી મહારાજ દ્વારા યોજાનાર મહાપ્રસાદમાં તુલસી પાન ભેટ સ્વરૂપે આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અંતે હાજર રહેલા તમામ સેવકોએ સાથે અલ્પાહાર પ્રસાદ લીધો હતો.

# વી.વી.પી. ઈજનેરી કોલેજમાં ગ્રાન્ડ એલ્યુમની મીટ-૨૦૨૫નું ભવ્ય સમાપન




**મુખ્ય સમાચાર - રાજકોટ**

પરિવારની ભવના સાથે કાર્યરત વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ દ્વારા વર્ષ ૧૯૯૬ થી ૨૦૨૪ સુધીના તમામ વિદ્યાર્થીઓને તારીખ ૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ''ગ્રાન્ડ એલ્યુમની-૨૦૨૫'' અંતર્ગત પરિવાર સાથે આમંત્રણ આપવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં ભારત જ નહિ પણ એન.આર.આઈ એલ્યુમની પણ પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા. તમામ એલ્યમુની વિદ્યાર્થી ઓએ પરિવાર સાથે આખો દિવસ વી.વી.પી. કેમ્પસમાં ગાળ્યો હતો અને જૂની યાદો સંસ્મરણો તાજા કર્યા હતા.

સવારે રજીસ્ટ્રેશન બાદ બધા માટે નાસ્તા બાદ શિયાળાની ખુશનુમા સવારે વી.વી.પી.ના ૩૨ એકરના દવિશાળ કેમ્પસના હીલ સ્ટેશન જેવા વાતાવરણમાં સાંસ્કૃતિક કાર્યક્રમો બપોરનું ભોજન વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું.

વી.વી.પી.ના જ એલ્યુમની અને વી.વી.પી.ના પ્રિન્સીપાલશ્રી ડો. પિયુષભાઈ વણઝારાએ શાબ્દિક સ્વાગત કર્યું હતું. કેમ્પસ લાઈફને યાદ કરતાં વી.વી.પી.ના એલ્યુમ્ની મન ભરીને સાંસ્કૃતિક કાર્યક્રમો માણ્યા કલાસ-લેબોરેટરીમાં જઈ સેલ્ફી લીધી ફોટા પાડ્યા.

આ પ્રસંગે વી.વી.પી.ના ટ્રસ્ટી શ્રી ડો. નરેન્દ્રભાઈ દવે ડો. નવીનભાઈ શેઠ તથા ગવર્નિંગ બોડીના સભ્યશ્રી વિનોદભાઈ લાઠીયા એલ્યુમ્ની વચ્ચે ખાસ ઉપસ્થિત રહી ઉપસ્થિત સૌ નો ઉત્સાહ વધાર્યો હતો.

એલ્યુમની કમિટીના કન્વીનર ડો. રૂપેશ રામાણી, કો-કન્વીનર ડો. સ્નેહા પંડયા તથા સભ્યો પ્રો. હાર્દિકભાઈ ખૂંટ પ્રો. આકાશ ચાવડા પ્રો. અનુપ બુધરાણી પ્રો. જીલેશ પંડયા પ્રો. પ્રતિક કોરડીયા પ્રો. સોનિયા અઘેરા પ્રો. હેત્વી જાડેજા ડો. મૌલિક ધામેચા પ્રો. ભાવેશ છત્રાળા પ્રો. રાહુલ વોરા પ્રો. નિર્મલ ભાલાણી પ્રો. શ્રેયસ ઘુલીયા પ્રો. ભાર્ગવ ગોકાણી પ્રો. કિંજલ રાંક ડો. પ્રવીણ વાઢેલ શ્રી નંદનભાઈ દવે શ્રી વિપુલભાઈ દવે શ્રી સમીરભાઈ કનૈયા શ્રી દિપેનભાઈ વ્યાસ તથા શ્રીમતી આશા ઉપાધ્યાય તમામ વિભાગીય વડાશ્રીઓ પ્રાધ્યાપક ગણ અને કર્મચારીગણે ભારે જહેમત ઉઠાવી હતી છે.

''ગ્રાન્ડ એલ્યુમ્ની મીટ-૨૦૨૫'' ની સફળતા માટે વી.વી.પી. ના ટ્રસ્ટીઓ શ્રી કૌશિકભાઈ શુકલ શ્રી હર્ષલભાઈ મણીઆર તથા ડો. સંજીવભાઈ ઓઝા એ શુભેચ્છાઓ પાઠવી હતી.

# કડવીબાઈ વિરાણી કન્યા વિદ્યાલયમાં ટ્રાફિક જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો





**મુખ્ય સમાચાર - રાજકોટ**

કડવીબાઈ વીરાણી કન્યા વિદ્યાલય રાજકોટ તથા ુજ્ઞીક્ષલ શ ક્ષ મ શ ફ ક્ષ ત ભજ્ઞળળીક્ષશુિંના સંયુકત ઉપક્રમે શાળામાં ટ્રાફિક જાગૃતિ અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું . આ કાર્યક્રમમાં D.C.P પૂજા યાદવ, A.C.P જે. બી.ગઢવી તથા R.T.O અધિકારી કેતન ખપેડ એ માર્ગદર્શન આપ્યું હતું. આ ગર્લ્સ સ્કૂલ આ કાર્યક્રમ માં ૧૧૦૦ થી વધારે વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી..

ટ્રાફિકના નિયમો વિશે સમજ આપવામાં આવેલ.

ગુડ સેમેરિટર્ન બાબતે સમજ આપવામાં આવેલ

હિટ એન્ડ રન યોજના બાબતે સમજ આપવામાં આવેલ

ઉપરાંત ટૂ વ્હીલર લઈ ને આવતા બાળકોને ફરજિયાત હેલ્મેટ અને લાઈસન્સ સિવાય શાળા સંકુલમા વાહન લઈને પ્રવેશ આપવામાં નહી આવે તેમ ત્યાંના પ્રન્સિપાલ દ્વારા જણાવેલ છે.



# રાજકોટ ગ્રામ્યના ભાજપના પૂર્વ ધારાસભ્ય માધુભાઈ બાબરીયા નો આજે ૭૯મો જન્મદિવસ



રાજકોટ જનસંઘ અને ભાજપના ગ્રામ્ય વિધાનસભા બેઠકના ભાજપના પૂર્વ ધારાસભ્ય માધુભાઈ બાબરીયા નો તારીખ ૭ જાન્યુઆરી ૧૯૪૬ ના રોજ ગોંડલ તાલુકાના કરમાળ કોટડાગામે જન્મ થયેલ. આજે તેમનો ૭૯મો જન્મદિવસ છે. તેઓ રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્ય ઉપરાંત પ્રદેશ ભાજપ અનુ. જાતિ મોરચાના ઉપપ્રમુખ અને મંત્રી તરીકે પણ સેવા આપી ચૂક્યા છે તેમજ માધુભાઈ બાબરીયા રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં ૧૯૯૦ થી ૯૫ અને ૧૯૯૮ થી ૨૦૦૨ સુધી સતત બે ટર્મ સુધી ભાજપના ધારાસભ્ય તરીકે લોકસેવા કરી ચૂક્યા છે તેમજ જીવનના આગામી વર્ષોમાં ઈશ્વર તેઓનુ આરોગ્ય અને તંદુરસ્તી સ્વસ્થ અને સુખી રાખે તેવી પરીવાર જનો, મિત્રો અને શુભેચ્છકો તેમના મોબાઈલ નંબર ૯૮૨૪૧ ૫૨૨૬૦ ઉપર શુભેચ્છાવર્ષા થઈ રહી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

